આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૪૦ | ૧૧ નવેમ્બર, ૨૦૧૩, સોમવાર; કારતક સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં કુપોષણ સામેનો જંગ ડિસેમ્બરમાં

## કુપોષણ સામેના જંગમાં તંત્ર, પદાધિકારીઓ અને સેવાભાવી સંસ્થાઓ વચ્ચે સંકલન સાથે આગળ વધવાની વ્યૂહરચના : કુપોષિત બાળકોનું હેલ્થ મેપીંગ કરાશે : પૂરક આહારમાં પ્રિ. મિક્સનું ફુડ ઉપરાંત વિટામીનથી ભરપુર બિસ્કીટનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાને કુપોષણ મુક્ત જિલ્લો બનાવવાના અભિયાનનો આગામી માસથી આરંભ થશે. આ અભિયાન હાથ ધરવામાં આવશે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે દહેગામથી તેનો અમલ શરૂ કરાશે.

જિલ્લાને સંપૂર્ણ કુપોષણ મુક્ત બનાવવાનું અભિયાન છેડવા માટે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ તેમજ જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. સ્વરૂપે પણ સ્પષ્ટ સંકેતો આપી દીધા છે. જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. સ્વરૂપે કુપોષિત બાળકોને દત્તક લેવા અધિકારીઓને સૂચવ્યું હતું.

મળતી વિગતો પ્રમાણે કુપોષણમુક્ત જિલ્લો બનાવવા માટે અભિયાનની આખી વ્યુહરચનાને એકાદ સપ્તાહમાં આખરી રૂપ આપી દેવામાં આવશે. આ માટે હાલ કુપોષિત બાળકોની સંખ્યા તેમજ ગ્રેડ

● અનુસંધાન પાન-૭ પર



મુર્હુત - નવા વર્ષના મંગલાચરણે વેપાર-ધંધાનું મુર્હુત કરાય છે... શ્રમજીવીઓએ પણ નવા વર્ષની પોતાની આજીવિકાની કામગીરીનું મુર્હુત કર્યું હતું. નાના-મોટા બજારોમાં માલની હેરાફેરી માટે લારીવાળા શ્રમજીવીઓનું મહત્વ મોટું હોય છે... ખાસ કરીને કાપડ બજાર, કરિયાણા બજાર અને બિલ્ડીંગ મટીરીયલ્સના સપ્લાયરોની ચીજવસ્તુઓની હેરફેર માટે લારીવાળા શ્રમજીવીઓ મહત્વનું અંગ બને છે... સમાજ જીવનના આર્થિક ક્ષેત્રમાં સ્વયંજીવન ને સ્વાવલંબી બનાવવા આ શ્રમજીવીઓ શુભ-લાભ બને તો સમાજનો સમતોલ વિકાસ બની શકશે...

### સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે મુખ્યમંત્રીએ ૧૧ ભાષામાં પત્રો લખ્યા

ગાંધીનગર, તા. ૯

સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં દેશભરના ગ્રામ્ય વિસ્તારમાંથી લોખંડ એકત્ર કરવાના અભિયાન અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અત્યાર સુધીમાં બે લાખથી વધુ સરપંચોને પત્ર લખી સહયોગ માંગ્યો છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ દેશના વિવિધ રાજ્યોના સરપંચોને ૧૧ જેટલી ભાષાઓમાં આ પત્ર પાઠવ્યા છે. જેમાં સરદાર સાહેબના સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિગતો તેમજ તેમના પ્રદાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક પાનાનો આ પત્ર છે જેની સાથે તેની સમજ આપતી પુસ્તિકા પણ રાખવામાં આવી છે.

## રાજ્યની આગામી વર્ષ માટે વાર્ષિક યોજનાના ઘડતર માટે કવાયત શરૂ

ગાંધીનગર, તા. ૧૦

આગામી વર્ષ-૨૦૧૪-૧૫ની વાર્ષિક યોજના ઘડવા માટેની કવાયત આયોજન પ્રભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે તો સાથોસાથ નાણા વિભાગ દ્વારા પણ આગામી અંદાજપત્ર તૈયાર કરવા માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાના વિભાગ દ્વારા એક પરિપત્ર જારી કરીને તમામ વિભાગોને ખર્ચના અંદાજો અને સુધારેલા અંદાજો તૈયાર કરીને તેના પત્રકો નાણા વિભાગને મોકલી આપવા માટેનું ટાઈમટેબલ તૈયાર કરી દીધુ છે અને એ તારીખો સુધીમાં આ પત્રકો તૈયાર કરી મોકલી આપવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તમામ વિભાગોને તેમની નવી યોજનાઓ અને જૂની યોજનાઓની દરખાસ્તો તૈયાર કરીને નાણા વિભાગને સમયસર મંજુરી અર્થે મોકલી આપવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ આગામી ડિસેમ્બરના અંતમાં આયોજન પ્રભાગ અને નાણા વિભાગ સંયુક્ત રીતે વિભાગો સાથે બેઠકોનો દોર શરૂ કરશે અને વિભાગોને ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ સામે આખા વર્ષમાં કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી, વણ વપરાયેલ ગ્રાન્ટના કારણો સહીતની બાબતો અંગે વિભાગો સાથે પરામર્શ કરવામાં આવશે. આ ઉપરાંત વિભાગો દ્વારા રજુ કરવામાં આવનારી નવી યોજનાઓ અને ચાલુ યોજનાઓની વિગતો અંગે પણ માહિતી મેળવીને તેની સમીક્ષા કરવામાં આવશે.

વિભાગો સાથે બેઠકોના દોર દરમ્યાન ઉપરોક્ત બાબતોની સમીક્ષા બાદ વિભાગોને વાર્ષીક યોજના અને બજેટ કેટલું ફાળવવુ એ અંગેનો નિર્ણય લેવામાં આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત એક ઔદ્યોગિક અને

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતની આરોગ્ય શાખાનો અભિનવ અભિગમ

## સપ્તાહનો શ્રેષ્ઠ કર્મચારી જાહેર કરી તેની તસ્વીર શાખાના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા હવે દર સપ્તાહે શ્રેષ્ઠ કર્મચારી સપ્તાહનો શોધી અને તેનો ફોટોગ્રાફસ શાખાના નોટીસ બોર્ડ પર લગાવવામાં આવશે.

કર્મચારીની નિયમિતતા તેની કાર્યપદ્ધતિ તેમજ શિસ્ત અને કાગળોના નિકાલની ઝડપ જેવા મુદ્દાઓને આવરી લઈ તેનું મૂલ્યાંકન કરવામાં આવશે. આ મૂલ્યાંકન માટે ખાતાના જ ચાર અધિકારીઓની ટીમ બનાવવામાં આવી છે.

જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા આ અંગે દરેક શાખાને એક પરિપત્ર પણ કરી દેવામાં આવ્યો છે. તેમજ મૂલ્યાંકનની પદ્ધતિની સમજ પણ આપી દેવામાં આવી છે. આરોગ્ય સેવાઓના સઘનીકરણની સાથે સાથે પ્રજાભિમુખતાને વધુ અસરકારક બનાવવા આ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.

આરોગ્ય શાખામાં એક હજારથી પણ વધુ કર્મચારીઓમાં હવે સ્પર્ધા જામશે. આ સ્પર્ધાની સાથે સાથે સેવામાં પણ સુધાર આવશે તેવું તંત્રના અધિકારીઓનું માનવું છે.

આરોગ્ય તંત્રએ આ વર્ષે આરોગ્ય વિષયક જાગૃતિ માટે 'પોરાશોધક સ્પર્ધા'ના માધ્યમ થકી મેળવેલી સફળતા બાદ હવે કર્મચારીઓને પ્રોત્સાહિત કરવાનો પણ નવતર અભિગમ અપનાવવાનો નિર્ણય કર્યો છે.

તંત્રએ મૂલ્યાંકન માટે કુલ ૫૦ ગુણ રાખ્યા છે. જેમાં સાપ્તાહિક સમયપાલનના ૧૨ ગુણ, ફરજના સ્થળે રોકાણના ૧૨ ગુણ, જોબચાર્ટ

● અનુસંધાન પાન-૭ પર

નૂતન વર્ષાભિનંદન....






ડો. હિમાંશુ વી. પટેલ (અડાલજ)
મંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
પૂર્વ ચેરમેન, ગાંધીનગર નાગરિક કો. ઓ. બેંક
સિન્ડીકેટ સભ્ય (ગુજરાત યુનિવર્સિટી)
રહેઠાણ : પંચાયત ઓફિસની સામે, મુ.પો. અડાલજ, તા.જિ. ગાંધીનગર-૩૮૨ ૪૨૧.
ફોન : ૯૮૨૫૦ ૨૭૭૨૧, ૦૭૯-૨૩૨૩૮૬૮૪, ૦૭૯-૨૩૯૭૧૨૪૧.

નૂતન વર્ષાભિનંદન



શ્રીમતી મંગીબેન ડી.પટેલ
સદસ્ય
ગાંધીનગર જિલ્લા પંચાયત



શ્રી દિલીપભાઇ આર.પટેલ
મહામંત્રી,
ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ

સમગ્ર ગાંધીનગર જિલ્લાના ભાઇ-બહેનો, કાર્યકરો અને આગેવાનોને દિપાવલીની શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષાભિનંદન...

આવો, સાથે મળી દિશા પણ બદલીએ અને દશા પણ બદલીએ તેવી નવા વર્ષની શુભકામનાઓ...

નૂતન વર્ષાભિનંદન
નવા વર્ષની શુભકામનાઓ સાથે સાલમુબારક

સુદર્શન ડેકોરેટર્સ એન્ડ કેટરર્સ
૧૦૫, અક્ષર કોમ્પલેક્ષ, મોટા ચિલોડા, તા. જી. ગાંધીનગર



સંજય યાદવ મો. ૯૯૦૯૯ ૧૪૬૩૩
રમેશ સોલંકી મો. ૯૭૧૪૭ ૧૩૬૩૩
રસિક ઝાલા મો. ૯૭૧૪૭ ૦૭૦૫૩